# વૈશ્વિક સ્તરે લશ્કરમાં મહિલા અધિકારીઓનો દબદબો હંમેશાં રહ્યો છે

લેફ્ટનન્ટ જનરલ માધુરી કાનિટકર, કર્નલ મધુમિતા, કર્નલ સોફિયા કુરેશી, વિંગ કમાન્ડર વ્યોમિકાસિંહ.... આ યાદી હજી ઘણી લાંબી થાય તેમ છે. હકીકતે ભારતીય લશ્કરના પરિપ્રેક્ષ્યમાં જોઈએ તો આ યાદી અનંત કહી શકાય એવી છે. લેફ્ટનન્ટ જનરલ માધુરી કાનિટકર આર્મી મેડિકલ કોર્પ્સમાં ડાયરેક્ટર જનરલના સર્વોચ્ચ પદેથી સેવાનિવૃત્ત થયાં હતાં. તેઓ આ સર્વોચ્ચ પદે પહોંચનારા ભારતીય લશ્કરના પહેલા મહિલા અધિકારી હતાં. કર્નલ મધુમિતા 2010માં કાબૂલમાં ભારતીય દૂતાવાસ પર થયેલા આતંકવાદી હુમલાને ખાળવા સાથે તે સમયે દૂતાવાસમાં રહેલા ઘણા અધિકારીઓને બચાવવાની કામગીરી કરનાર સાહસી અધિકારી તરીકે જાણીતાં છે. આ કાર્યવાહી સમયે તેઓ મેજરની રેન્કમાં કાર્યરત હતાં અને આર્મી એજ્યુકેશન કોર્પ્સનો હિસ્સો રહ્યાં હતાં. અત્યારે કર્નલના પદ પર કાર્યરત છે. કર્નલ સોફિયા કુરેશી અને વિંગ કમાન્ડર વ્યોમિકાસિંહ ઓપરેશન સિંદૂર નિમિત્તે જાણીતાં અધિકારીઓ છે.





ભારતીય લશ્કરના આ બધાં મહિલા અધિકારીઓને યાદ કરવાનું કારણ એ કે હમણાં થોડા સમય પહેલાં એક સમાચાર ધ્યાનમાં આવેલા કે ઓસ્ટ્રેલિયાનું લશ્કર જુલાઈ, 2026માં લેફ્ટનન્ટ જનરલ સુસાન કોયેલની નિમણૂક પહેલી વાર લશ્કરી વડા એટલે કે આર્મી ચીફ તરીકે કરવા જઈ રહ્યું છે. ઓસ્ટ્રેલિયાના અત્યાર સુધીના લશ્કરી ઇતિહાસમાં આ એવી પ્રથમ ઘટના હશે કે જ્યારે એક મહિલા લશ્કરી અધિકારીની નિમણૂક આર્મીની સર્વોચ્ચ થ્રી સ્ટાર રેન્કમાં થઈ

**આ બધા જ દેશોમાં મહિલા લશ્કરી અધિકારીઓએ મેળવેલા ઉચ્ચ હોદ્દાઓની વાત કરીએ તે પહેલાં આ દેશોમાં આ ઉચ્ચ હોદ્દાઓ મેળવનાર મહિલા અધિકારીઓની જે-તે દેશના લશ્કરમાં પ્રાથમિક ભૂમિકા શું હોય છે તે સમજીએ. આ મુદ્દે આ દષ્ટિએ વાત કરીએ ત્યારે મુખ્યત્વે ચાર બાબતો ઊડીને આંખે વળગે છે. એક, આ દેશોના લશ્કરમાં ઉચ્ચ પદે પહોંચનાર મહિલાઓ મેડિકલ કોર્પ્સ અથવા અન્ય સપોર્ટિંગ સર્વિસીઝ અંતર્ગત મહત્ત્વની ભૂમિકામાં રહી ચૂકી હોય છે. એ પછી આ બ્રાન્ચિઝમાંથી બઢતી પામીને સર્વોચ્ચ પદે પહોંચી હોય છે**

હોય. આ નિમિત્તે અહીં એવા કેટલાક દેશોની વાત કરી છે જેમના લશ્કરમાં મહિલા અધિકારીઓ ઉચ્ચ અને સર્વોચ્ચ પદ પર રહી ચૂકી હોય અથવા હાલ કાર્યરત હોય. ભારતની વાત તો આપણે શરૂઆતમાં જ કરી ચૂક્યા છીએ એટલે આ યાદીમાં તેનો પુનઃઉલ્લેખ ટાળ્યો છે. એ જ રીતે આ બાબતે ઓસ્ટ્રેલિયાનો ઉલ્લેખ પણ થઈ ગયો છે એટલે એ સિવાય આ યાદીમાં કેનેડા, સ્લોવેનિયા, નોર્વે, જર્મની, અમેરિકા, ક્રોએશિયા અને ગેમ્બિયા જેવા દેશોનો સમાવેશ થાય છે.

આ બધા જ દેશોમાં મહિલા લશ્કરી અધિકારીઓએ મેળવેલા ઉચ્ચ હોદ્દાઓની વાત કરીએ તે પહેલાં આ દેશોમાં આ ઉચ્ચ હોદ્દાઓ મેળવનાર મહિલા અધિકારીઓની જે-તે દેશના લશ્કરમાં પ્રાથમિક ભૂમિકા શું હોય છે તે સમજીએ. આ મુદ્દે આ દૃષ્ટિએ વાત કરીએ ત્યારે મુખ્યત્વે ચાર બાબતો ઊડીને આંખે વળગે છે. એક, આ દેશોના લશ્કરમાં ઉચ્ચ પદે પહોંચનાર મહિલાઓ મેડિકલ કોર્પ્સ અથવા અન્ય સપોર્ટિંગ સર્વિસીઝ અંતર્ગત મહત્ત્વની ભૂમિકામાં રહી ચૂકી હોય છે. એ પછી આ બ્રાન્ચિઝમાંથી બઢતી પામીને સર્વોચ્ચ પદે પહોંચી હોય છે. આ રીતે મહિલા લશ્કરી અધિકારીઓને બઢતી આપવા બાબતે ભારત અને અલ્જિરિયા જેવા દેશો મોખરે છે. બીજી બાબત એ છે કે વૈશ્વિક દૃષ્ટિએ ઓસ્ટ્રેલિયા મહિલા લશ્કરી અધિકારીને આર્મી ચીફનું પદ સત્તાવાર રીતે આપનાર બીજો દેશ છે. આ અગાઉ 2018માં સ્લોવેનિયા પોતાના લશ્કરમાં તે સમયે ફરજ બજાવતાં એલેનિયા એર્મેન્કને આર્મી ચીફ તરીકે નિમણૂક આપી ચૂક્યું છે. ત્રીજી બાબત એ છે કે નાટો(NATO)ના દેશોમાં અને યુરોપના દેશોમાં ત્યાંના લશ્કરમાં ફરજ બજાવતાં મહિલા અધિકારીઓને હાયર તેમજ કેટલાક કિસ્સાઓમાં હાઈએસ્ટ રેન્ક પર સત્તાવાર માન્યતા સાથે પ્રમોશન મળે એ બહુ સામાન્ય બાબત છે. ચોથી બાબત એ છે કે વૈશ્વિક સ્તરે મહિલા લશ્કરી અધિકારીઓ યુ.એન.ના પીસ કીપિંગ ફોર્સનું નેતૃત્વ કરવા સહિત યુ.એન.ના લશ્કરી સલાહકાર તરીકેના ઉચ્ચ પદો પર નિમણૂક પામી ચૂકી છે. વેલ, આ તો થઈ કોમ્બેટ રોલમાં મહિલાઓના હાયર પોસ્ટિંગની વાત પણ નોન-કોમ્બેટ રોલ્સમાં પણ મહિલાઓ હાયર પોસ્ટિંગ પામી ચૂકી છે. દા.ત. કેનેડાના લશ્કરમાં પહેલીવાર મહિલા અધિકારીને જજ એડવોકેટ જનરલ તરીકે નિમણૂક મળી ચૂકી છે. આ પ્રકારે મહિલાઓને મહત્ત્વપૂર્ણ જવાબદારીઓ મળવાના મહત્ત્વનાં કારણોમાં તેમની વ્યવહાર કુશળતા, વહીવટી કુશળતા અને વહીવટી પારદર્શકતાનો આગ્રહ તેમજ કોઈ પણ સમસ્યાને ધીરજ અને મુત્સદ્દીગીરી સાથે ઉકેલવાની કુદરતી કુનેહનો સમાવેશ થાય છે.

હવે વિવિધ દેશોની યાદી જોઈએ તો કેનેડાના લશ્કરમાં તો હાલ લેફ્ટનન્ટ જનરલ જેની કેરીગ્નન હાયર લીડરશિપ ગ્રૂપનો હિસ્સો છે. નોર્વેના મહિલા લશ્કરી અધિકારી મેજર જનરલ ક્રિસ્ટિન લુંડ(Kristin Lund) નજીકના ભૂતકાળમાં યુ.એન.ના પીસકીપિંગ ફોર્સનું નેતૃત્વ કરી ચૂક્યાં છે. આમ પણ મહિલાઓને સક્રિય લશ્કરી ભૂમિકામાં તક આપવા બાબતે નોર્વે ભારત કરતાં પણ આગળ છે એ નોંધવું રહ્યું. નોર્વેનો દાખલો લઈને પછી ભારત આ દિશામાં આગળ વધ્યું હતું એ નોંધાયેલી હકીકત છે. એ જ રીતે જર્મન લશ્કરમાં અત્યારે ગેસિન ક્રુગર ટુ સ્ટાર જનરલના હોદ્દા પર ફરજ બજાવે છે. અમેરિકામાં પણ આર્મી અને અન્ય મિલિટરી બ્રાન્ચિસમાં જનરલ ઓફિસરની રેન્કમાં ઘણા બધા મહિલા અધિકારીઓ ફરજ બજાવે છે.

ક્રોએશિયાના લશ્કરમાં ગોર્ડાના ગેરેસિક બ્રિગેડિયર જનરલના પદ પર હાલમાં કાર્યરત છે. એ જ રીતે ગેમ્બિયામાં તેના પ્રથમ મહિલા આર્મી જનરલનું 2011માં સત્તાવાર રીતે સન્માન કરવામાં આવ્યું હતું. ટૂંકમાં વૈશ્વિક સ્તરે લશ્કરમાં મહિલાઓનો દબદબો હંમેશાં રહ્યો છે.

**બોર્ડર**
**કેપ્ટન શૂરવીર સિંહ**




### કોણ છે લેફ્ટનન્ટ જનરલ સુસાન કોયેલ?

સુસાન કોયેલ 1987માં ઓસ્ટ્રેલિયાના લશ્કરમાં જોડાયાં હતાં. અત્યાર સુધી તેઓ ઓસ્ટ્રેલિયાના લશ્કર ઉપરાંત ઓસ્ટ્રેલિયાના લશ્કરના પ્રતિનિધિ તરીકે યુ.એન.ના ઘણા મિશન્સમાં પણ ભાગ લઈ ચૂક્યાં છે. એ સાથે ઓસ્ટ્રેલિયાના લશ્કરમાં તેમણે અત્યાર સુધી ભજવેલી વૈવિધ્યપૂર્ણ ભૂમિકાની એક ઝલક મેળવીએ તો કહી શકાય કે તેઓને 2017થી મહત્ત્વની અને જવાબદારીભરી ભૂમિકાઓમાં નિમણૂક મળવાની શરૂ થઈ હતી. 2017થી 2019 દરમ્યાન તેમણે 6ઠ્ઠી કોમ્બેટ સપોર્ટ બ્રિગેડમાં ફરજ બજાવી હતી. 2020માં તેમની નિમણૂક જોઇન્ટ ટાસ્ક ફોર્સ-633માં થઈ હતી. 2021-022માં તેઓ ઇન્ફર્મેશન વોરફેર ડિવિઝનનો હિસ્સો રહ્યાં હતાં. 2022થી 2024 દરમ્યાન તેઓ ફોર્સિસ કમાન્ડના વડો રહ્યાં હતાં. 2024થી તેઓ ચીફ ઓફ જોઇન્ટ કેપેબિલિટીઝ છે અને તેમની રેન્ક છે, લેફ્ટનન્ટ જનરલ. આ અગાઉ 2003થી 2015 દરમ્યાન તેઓ ઓસ્ટ્રેલિયન લશ્કરની વિવિધ સિગ્નલ સ્ક્વોડ્રન્સ તેમ જ અફઘાનિસ્તાનમાં તૈનાત રહી ચૂકેલા ટાસ્ક ગ્રુપ અફઘાનિસ્તાનનો પણ હિસ્સો રહી ચૂક્યાં છે.

# વિજયની 'જન નાયગન' થિયેટરમાં લોકોને ક્યારે જોવા મળશે?






કોઈ સ્વીકારે કે નહીં પણ હકીકત એ છે કે દક્ષિણની ફિલ્મો અને તેના સ્ટાર્સ બોલિવૂડ પર વધુ ને વધુ હાવી થઈ રહ્યા છે. બોલિવૂડ કરતાં દક્ષિણની ફિલ્મોની હલચલ વધુ જાણવા મળી રહી છે. બોલિવૂડમાં એક જ ફિલ્મ (ધુરંધર 2) ને કારણે આખી ઈન્ડસ્ટ્રીમાં હલચલ બંધ થઈ ગઈ હોય એવો માહોલ છે. એક એવોર્ડ સમારંભમાં કોમેડિયને મજાકમાં એવું કહ્યું હતું કે અહીં જેટલા કલાકારો ઉપસ્થિત નથી એનાથી વધુ તો 'ધુરંધર 2'ની સ્ટાર કાસ્ટમાં હતા! સિદ્ધાર્થ આનંદ જેવા બોલિવૂડના સર્જકોએ જે રીતે પ્રતિક્રિયા આપી લોકોને ડફર કહ્યા તે સ્પષ્ટ કરે છે કે બોલિવૂડ અત્યારે દક્ષિણની આ સફળતાથી ક્યાંક ને ક્યાંક અસુરક્ષિત અનુભવે છે. અક્ષયકુમારની નવી ફિલ્મ 'ભૂત બંગલા'નું માત્ર 3 દિવસ પહેલાં જ એડવાન્સ બુકિંગ શરૂ થયું હતું. એને અપેક્ષિત પ્રતિસાદ મળ્યો ન હતો. અક્ષયકુમારની પાછલી ફિલ્મોના ફ્લોપ ટ્રેક રેકોર્ડને કારણે આ હોઈ શકે છે. હાલમાં દક્ષિણની ફિલ્મો અને ખાસ કરીને 'ધુરંધર 2' જેવી મોટી બ્લોકબસ્ટર થિયેટરોમાં ધૂમ મચાવી રહી છે એની અસર 'ભૂત બંગલા'ના બુકિંગ પર પડી છે.

ભલે એડવાન્સ બુકિંગમાં ધડાકો નથી થયો પરંતુ જો રિવ્યુ સારા આવશે તો વીકએન્ડ પર સારી કમાણી કરી શકે છે. અક્ષયકુમાર અને પ્રિયદર્શનની ૧૪ વર્ષ પછીની આ જોડીને જોવા માટે માઉથ પબ્લિસિટી જ મુખ્ય આશરો છે. અત્યારે હોરર-કોમેડી શૈલી બોક્સ ઓફિસ પર ખૂબ ચાલી રહી છે તેનો પણ લાભ મળી શકે છે. દક્ષિણ ભારતીય ફિલ્મો હવે માત્ર પ્રાદેશિક રહી નથી. તે સાચા અર્થમાં 'પેન-ઈન્ડિયા' બની ગઈ છે. અત્યારે સિનેમાની દુનિયામાં સત્તાનું કેન્દ્ર મુંબઈથી ખસીને હૈદરાબાદ અને ચેન્નાઈ તરફ જઈ રહ્યું હોય તેવું સ્પષ્ટ દેખાય છે. પ્રેક્ષકોને હવે માત્ર સ્ટાર નહીં પણ પાવરફુલ કન્ટેન્ટ જોઈએ છે. જે અત્યારે સાઉથ પીરસી રહ્યું છે. હાલમાં જ અલ્લુ અર્જુનની 'રાકા'ના ટાઈટલ લોન્ચ અને થલપતિ વિજયની 'જનનાયગન' ને લઈને જે ચર્ચાઓ થઈ રહી છે તે દર્શાવે છે કે પ્રેક્ષકોમાં હવે દક્ષિણના સ્ટાર્સ માટેનો ક્રેઝ બોલિવૂડ કરતાં પણ વધી ગયો છે. રૂ.800 કરોડનું બજેટ અને અલ્લુ જેવા સ્ટાર્સની રૂ.175 કરોડની ફી એ વાતની સાબિતી છે કે દક્ષિણની ફિલ્મો હવે સ્કેલ અને માર્કેટિંગ બંનેમાં બોલિવૂડને પછાડી રહી છે. અલ્લુનો જાદુ અત્યારે આખા સોશિયલ મીડિયા પર માથા પર ચડીને બોલી રહ્યો છે. નિર્દેશક એટલી સાથેની 'રાકા'ને લઈને જે પ્રકારનો ક્રેઝ જોવા મળી રહ્યો છે તે જોતાં લાગે છે કે આ ફિલ્મ બોક્સ ઓફિસના તમામ જૂના રેકોર્ડ તોડવા માટે જ બની છે.

**દક્ષિણની ફિલ્મોની સફળતા પાછળનું મુખ્ય કારણ તેમનું પાયાનું કન્ટેન્ટ અને પ્રાદેશિક સંસ્કૃતિ સાથેનું જોડાણ છે. બોલિવૂડ હજી પણ રીમેક અને ફોર્મ્યુલા ફિલ્મોમાં અટવાયેલું છે. હાલમાં બોલિવૂડ પાસે માત્ર રણબીર કપૂરની 'રામાયણ' અને સલમાન ખાનની 'માતૃભૂમિ' જેવી થોડી ફિલ્મો છે જેની પાસેથી દક્ષિણની ફિલ્મો જેવી જ અપેક્ષા રાખવામાં આવી રહી છે**

**ફિલ્મોગ્રાફ**
**રાકેશ ઠક્કર**

8 એપ્રિલે અલ્લુના જન્મદિવસ પર મળેલી પોસ્ટરની ભેટ અત્યારે ટ્રેન્ડિંગમાં ટોપ પર છે. પોસ્ટરમાં અલ્લુ અર્જુન જે રીતે પોતાના ચહેરાને ઢાંકીને બેઠો છે અને હાથ પર જે પ્રકારના ઘટ્ટ વાળ અને લાંબા નખ દેખાય છે તેના પરથી ઈન્ટરનેટ પર એવી થિયરી વહેતી થઈ છે કે આ એક વરુ માનવ પર આધારિત ફિલ્મ હોઈ શકે છે. કેટલાક ફેન્સ તો ત્યાં સુધી કહી રહ્યા છે કે આ એટલીનું પોતાનું 'સુપરહીરો યુનિવર્સ' હોઈ શકે છે.

બીજી ચર્ચા તમિલ સુપરસ્ટાર થલપતિ વિજયની ફિલ્મ 'જનનાયગન'ની છે. સામાન્ય રીતે કોઈ ફિલ્મ રજૂ થાય પછી તેની પાયરસી થતી હોય છે પણ અહીં તો હદ થઈ ગઈ! કોઈ પણ સત્તાવાર રિલીઝ ડેટ, સેન્સર સર્ટિફિકેટ કે પ્રમોશન વિના જ આખી ફિલ્મ ઓનલાઈન લીક થઈ ગઈ. આ ઘટનાએ ફિલ્મ ઈન્ડસ્ટ્રીમાં ખળભળાટ મચાવી દીધો છે કારણ કે આ ફિલ્મ હજી માત્ર નિર્માતા પાસેથી સેન્સર બોર્ડ સુધી જ પહોંચી હતી. CBFC એ સ્પષ્ટતા કરી છે કે તેમના તરફથી લીક થઈ નથી. 'જન નાયગન' મૂળરૂપે 9 જાન્યુઆરી, 2026 ના રોજ પોંગલના અવસરે આવવાની હતી પરંતુ સેન્સર સર્ટિફિકેટ ન મળવાને કારણે અને ત્યાર બાદ થયેલી કાનૂની કાર્યવાહીને લીધે સતત પાછી ઠેલાતી રહી છે. હવે નિર્માતા 18 જૂન, 2026 ના રોજ રજૂ કરવા માટે વિચારી રહ્યા છે. આ સમયગાળો વિજયના જન્મદિવસ (22 જૂન) ની નજીક છે. તેથી ચાહકો માટે એક મોટી ભેટ બની શકે છે. તમિલનાડુમાં આગામી વિધાનસભાની ચૂંટણીઓ પણ એની તારીખને અસર કરી રહી છે કારણ કે વિજય હવે સક્રિય રાજકારણમાં જોડાઈ રહ્યો છે. દક્ષિણની ફિલ્મોની સફળતા પાછળનું મુખ્ય કારણ તેમનું પાયાનું કન્ટેન્ટ અને પ્રાદેશિક સંસ્કૃતિ સાથેનું જોડાણ છે. બોલિવૂડ હજી પણ રીમેક અને ફોર્મ્યુલા ફિલ્મોમાં અટવાયેલું છે. હાલમાં બોલિવૂડ પાસે માત્ર રણબીર કપૂરની 'રામાયણ' અને સલમાન ખાનની 'માતૃભૂમિ' જેવી થોડી ફિલ્મો છે જેની પાસેથી દક્ષિણની ફિલ્મો જેવી જ અપેક્ષા રાખવામાં આવી રહી છે. જો કે આ ફિલ્મોમાં પણ અત્યારે VFX અને સ્ક્રિપ્ટમાં સુધારા કરવા પડી રહ્યા છે. એ બતાવે છે કે બોલિવૂડ ફિલ્મના કન્ટેન્ટ બાબતે ગંભીર નથી.

### ઓટોગ્રાફ!

લોકો કહે છે કે અક્ષયકુમાર વર્ષમાં ચાર ફિલ્મો કરે છે પણ હકીકત એ છે કે એ એટલી બધી ફિલ્મો કરે છે કે બિચારા પ્રેક્ષકોને એ જ ખબર નથી હોતી કે અત્યારે થિયેટરમાં કઈ ફિલ્મ ચાલી રહી છે!

# શું આપણે ધર્મપ્રેમી છીએ..?

માણસ સંશોધનો દ્વારા સુખની ક્ષિતિજો કેવી રીતે પાર કરી શકે છે તેનું પ્રમાણ હાલ એક મેગેઝિનમાં પ્રગટેલી માહિતીમાંથી મળ્યું. અમેરિકામાં થયેલા એક સંશોધનને આખરી ઓપ અપાઈ રહ્યો છે. ત્યારબાદ તે સુખનો સંદેશો લઈને સમગ્ર વિશ્વમાં છવાઈ જશે. (એમ કહીએ કે સુખની જાન પાદરે આવી ગઈ છે. બસ સુખી થવાને આડે હવે માત્ર થોડી વાર છે.) આપને આશ્ચર્ય થશે પણ બહુ ટૂંક સમયમાં શરીરમાં ઉત્પન્ન થતી સુગરનું અન્ય ઊર્જામાં રૂપાંતર થઈ શકશે. અર્થાત્ સુગરના રોગનો નવરચનાત્મક માર્ગે વિનિયોગ કરી શકાશે.



દોસ્તો, આજે સાચી ન લાગે એવી વાત એ છે કે ભવિષ્યમાં માણસ પોતાના સુગરના દુઃખમાંથી તો મુક્ત થશે જ પણ બનશે એવું કે જે માણસને સુગર નહીં હશે તે પોતાની જાતને કમનસીબ માનશે. કારણ કે દેહની સુગર દ્વારા ઘરના ઈલેક્ટ્રોનિક સાધનો ચલાવી શકાશે. વર્ષો પૂર્વે છાંણ(ગોબર)માંથી ઊર્જા મેળવવાની આપણે કલ્પના નહોતી કરી. આજે ખેડૂતો ઢોરના મળમૂત્રમાંથી ગોબર ગેસ પ્લાન્ટ નાખીને પોતાની જરૂરિયાત જેટલો ગેસ ઘરે જ પેદા કરી લે છે. મતલબ વિજ્ઞાન દેવતાના આશીર્વાદથી થશે એવું કે માણસ પોતાની નબળાઈમાંથી નવરચના કરીને દુઃખોને સુખોમાં કન્વર્ટ કરી શકશે. આજે સુગર મટાડવાના ડોક્ટરો વધી રહ્યા છે, તેને બદલે શક્ય છે કે ભવિષ્યમાં સુગર વધારી શકે એવા ડોક્ટરોના ધંધા ધમધોકાર ચાલશે. મતલબ આગામી વર્ષોમાં સુગર વિષાદનું નહીં આશીર્વાદનું કારણ બની રહેશે...!

**જીવન સરિતાને તીરે**
**દિનેશ પાંચાલ**

દોસ્તો, તાત્પર્ય એટલું જ કે આ સંસાર સુખદુઃખની ચકડોળ છે. માણસે આંસુ અને આનંદની તડકીછાંયડી વચ્ચે જીવન પૂરું કરવું પડે છે. વિજ્ઞાન મોટે ભાગે દુઃખ નિવારણનું કામ કરતું આવ્યું છે. પણ તેનો દૂરુપયોગ થાય તો તે દુઃખો પણ ઉત્પન્ન કરી શકે છે. (નાંગાસાકી અને હિરોશીમાનો સર્વનાશ એ વાતની સાબિતી છે કે વિજ્ઞાન વરદાન છે અને વિષૈલ પણ છે. ધર્મગુરૂઓ એવી ઘટનાઓ ટાંકીને વિજ્ઞાનનો વિરોધ કરે છે. પણ તેઓ કદાચ ખોટા છે. સત્ય એ છે કે યુદ્ધની ભુમિકા પહેલા માણસના મનમાં તૈયાર થાય છે ત્યારબાદ દારૂગોળો ફૂટે છે. કોઈ શાયરે લખ્યું છે. 'એટમ બોમ્બ સ્વયંમ નથી ફૂટતો કોકના હાથ તો ઘાતક બને..!' વિજ્ઞાનથી થતું આંશિક નુકસાન શેરડી પીલ્યા પછીના કૂચા જેવું હોય છે. રસપ્રાપ્તિ માટે કૂચો અનિવાર્ય છે. શોર્ટ-સર્કિટથી આગ લાગે તેમાં માણસ જ ક્યાંક ભૂલ કરી બેસતો હોય છે. તેથી વીજળીના શોધક આલ્વા એડિશનને ફાંસીએ ન ચઢાવાય. કુદરતના છૂપા ખજાનાની ચાવી ઉપરવાળાએ વિજ્ઞાન દ્વારા માણસને આપી છે. એ ચાવી દ્વારા સુખના દરવાજા ખૂલે છે. શ્રદ્ધાળુઓ ઈશ્વરની મૂર્તિ પર રોજ તાજાં ફૂલો ચઢાવે તેમ વિજ્ઞાન માણસના ચરણોમાં નિતનવાં સંશોધનોનો અભિષેક કરે છે. એકવીસમી સદીનું સૂત્ર છેઃ 'ઓમ વિજ્ઞાન દેવતાય નમઃ' સુખી થવાની શરત એટલી જ કે માણસે વિજ્ઞાનને ઠીક રીતે સમજીને જીવનમાં તેનો બુદ્ધિપૂર્વકનો ઉપયોગ કરવો જોઈએ. વીજળી યોગ્ય રીતે વાપરીએ તો વિકાસ થાય. વાપરતાં ન આવડે તો વિનાશ થાય. છરીથી ઓપરેશન કરીને કોઈનો જીવ બચાવી શકાય પણ તે જ છરી વડે કોઈનું ખૂન પણ કરી શકાય. ગીતા વાંચીને કોકનું જીવન સુધરી શકે પણ એ જ ગીતાનો દળદાર ગ્રંથ કોકના માથા પર પટકવાથી તેનું ખૂન પણ થઈ શકે. બધો આધાર એ બાબત પર રહેલો છે કે માણસ ઈષ્ટના માર્ગે જવા માગે છે કે અનિષ્ટના માર્ગે..??

ભારતનું ભાવિ વર્ગખંડોમાં આકાર લઈ રહ્યું છે એમ કહેવાય છે. પરંતુ વિજ્ઞાન અને ટેક્નોલોજીનો જે ઝડપથી વિકાસ થઈ રહ્યો છે તે જોતાં એવું લાગે છે કે સમગ્ર વિજ્ઞાનનું ભાવિ કુદરતના ગર્ભમાં આકાર લઈ રહ્યું છે. વર્ષોથી વસ્તી વધી રહી છે. એથી આપણે ઊર્જાની તંગી ભોગવી રહ્યા છીએ. પેટ્રોલ, કેરોસિન, ડિઝલ, ઓઈલ, ગેસ.. એ બધી જ વસ્તુઓ હવે જીવન જરૂરિયાતની ચીજવસ્તુઓ બની ગઈ છે. એનું મહત્ત્વ ઘઉં, જુવાર કે ચોખા કરતાં જરાય ઓછું નથી. ઘરના કોઠારમાં અનાજ ના હોય એટલી જ વિકટ સમસ્યા શહેરના પેટ્રોલ પંપ પર પેટ્રોલ ના હોય તેની છે. ઘરમાં વીજળી ના હોય તો ઘરમાં અંધારું.. અને તિજોરીમાં પૈસા ના હોય તો જીવનમાં અંધારું..! જો આપણે ધર્મપ્રેમી હોઈશું તો પ્રકૃતિના ઉપયોગથી ભૌતિક સુખો કેવી રીતે પેદા કરી શકાય તે આપણે વિચારવું પડશે કેમ કે તે માટે વિદેશીઓ આવવાના નથી.

**શ્રદ્ધાળુઓ ઈશ્વરની મૂર્તિ પર રોજ તાજાં ફૂલો ચઢાવે તેમ વિજ્ઞાન માણસના ચરણોમાં નિતનવાં સંશોધનોનો અભિષેક કરે છે. એકવીસમી સદીનું સૂત્ર છે: 'ઓમ વિજ્ઞાન દેવતાય નમઃ' સુખી થવાની શરત એટલી જ કે માણસે વિજ્ઞાનને ઠીક રીતે સમજીને જીવનમાં તેનો બુદ્ધિપૂર્વકનો ઉપયોગ કરવો જોઈએ**

### ધૂપછાંવ

એથી ભગવાનને એક જ ફરિયાદ કરીએ કે માણસ કુદરતની માસ્ટરપીસ આઈટમ છે. એને અમે દુનિયાનો 'ડેપ્યુટી ગોડ' ગણીએ છીએ. દોસ્તો, વાત સાચી હોય શકે, કદાચ ખોટી પણ હોય.. પણ અમને લાગે છે કે જેને આપણે ભગવાન કહીએ છીએ તે ભગવાન માણસ તરફથી શ્રદ્ધા અને ભક્તિનું બેવડું પેન્શન મેળવી રહ્યો છે. પણ તોય આજ પર્યંત તેણે હયાતીનું સર્ટિફિકેટ રજૂ કર્યું નથી. જો કે એક સરસ વાત એ બને છે કે ધર્મ કે શ્રદ્ધાને વચ્ચે લાવ્યા વિના વૈજ્ઞાનિકો ફક્ત સાબિત થયેલા પ્રાયોગિક સત્ય પર જ પ્રકાશ પાડે છે. એથી ઉત્તમ તો એ જ કે આપણે સૌ ચૂપ રહીએ ને હંમેશાં વિજ્ઞાનને જ બોલવા દઈએ.